# કમ્પ્યુટર હાર્ડવેર એન્જિનિયર

કમ્પ્યુટર હાર્ડવેર એન્જિનિયર કમ્પ્યુટરના હાર્ડવેરને લગતી બાબતોમાં પ્રગતિ કરીને નવી કમ્પ્યુટર ટેક્નોલોજીને વેગ આપવામાં મદદ કરે છે. આમ કરવા માટે, તેઓ કમ્પ્યુટર સિસ્ટમ્સ અને તેના ઘટકો અંગેનું સંશોધન, ડિઝાઇન, વિકાસ અને પરીક્ષણ કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે કમ્પ્યુટર પર સહજ રીતે કામ કરી શકો છો
- તમે સમસ્યાઓ/પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવાનું પસંદ કરો છો
- તમે કામ કરતી વખતે વિગતો પર ધ્યાન આપો છો
- તમે ટીમ સાથે મળીને કામ કરી શકો છો



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૪૫,૦૦૦ થી ૧૦,૦૦,૦૦૦***

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે,*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે,*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે,*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વિજ્ઞાન પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો. (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ગણિત)

૨. કમ્પ્યુટર સાયન્સ અને એન્જિનિયરીંગ / ઇલેક્ટ્રિકલ અથવા ઇલેક્ટ્રોનિક્સ એન્જિનિયરીંગમાં સ્નાતક (B.Tech/BSc/BCA)ની ડિગ્રી મેળવો.

**અથવા**

સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, સમાન ક્ષેત્રમાં અનુસ્નાતક (M.Tech/MSc/MCA)ની ડિગ્રી પ્રાપ્ત કરો. **અથવા**

કમ્પ્યુટર હાર્ડવેર અને નેટવર્કિંગમાં PG Diploma કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

કમ્પ્યુટર હાર્ડવેર એન્જિનિયરનું અંદાજીત માસિક વેતન **રૂ. ૧૩,૧૦૦ થી ૧,૬૭,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત: https://www.payscale.com/research/IN/Job=Hardware_Engineer/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** તમે ઈલેક્ટ્રોનિક કમ્પોનન્ટ્સ અને પ્રોડક્ટ્સનું ઉત્પાદન કરતા ક્ષેત્રોમાં, કમ્પ્યુટર સિસ્ટમ્સ, ડિઝાઈન સર્વિસિસ, આઈ.ટી. અને વેબ-હોસ્ટિંગ કંપનીઓ વગેરેમાં કામ કરી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** કામકાજનો સમય સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ પ્રતિ દિવસ ૮ થી ૯ કલાકનો હોય છે. શિફ્ટ પ્રથા ઉપલબ્ધ હોય છે.

**ઉદ્યોગ સાહસિકતા:** આ ક્ષેત્રમાં તમે ફ્રીલાન્સિંગ કરી શકો છો.

## અપેક્ષિત પ્રગતિ પથ

હાર્ડવેર એન્જિનિયર → વેલિડેશન એન્જિનિયર → સિનિયર હાર્ડવેર ડિઝાઈન એન્જિનિયર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

કમ્પ્યુટર હાર્ડવેર એન્જિનિયર, કમ્પ્યુટર હાર્ડવેર ડિઝાઈનર, વેલિડેશન એન્જિનિયર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ કમ્પ્યુટર સાયન્સ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. આઈ.આઈ.ટી., ગાંધીનગર
૨. અય્યા નાદર જાનકી અમ્મલ કોલેજ, તમિલનાડુ
૩. આત્મારામ સનાતન ધર્મ કોલેજ, નવી દિલ્હી
૪. એસ.વી.એન.આઈ.ટી., સુરત
૫. ભાસ્કરાચાર્ય કોલેજ ઓફ એપ્લાઈડ સાયન્સ, નવી દિલ્હી
૬. કોલેજ ઓફ એપ્લાઈડ સાયન્સ (આઈ.એચ.આર.ડી.), કેરળ
૭. ગવર્મેન્ટ એન્જિનિયરીંગ કોલેજ, રાજકોટ
૮. ઈસ્ટ કલકત્તા ગર્લ્સ કોલેજ, કોલકાતા

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. અન્નાઈ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, તમિલનાડુ
૨. એ.ડી. પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી, ગુજરાત
૩. ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ, ચેન્નાઈ
૪. એક્રોપોલિસ ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ એન્ડ રિસર્ચ, ઈન્દોર
૫. આચાર્ય પ્રફુલ્લ ચંદ્ર કોલેજ, કોલકાતા
૬. જી.યુ.એન.આઈ., મહેસાણા
૭. બાપટલા એન્જિનિયરીંગ કોલેજ, આંધ્રપ્રદેશ
૮. ડૉ. સુભાષ યુનિવર્સિટી, જુનાગઢ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL * સ્વયમ: https://archive.nptel.ac.in/courses/106/105/106105194/
- www.skillindiadigital.gov.in
- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in

NPTEL-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**મીનાક્ષી ચેટર્જી,** એપલમાં હાર્ડવેર એન્જિનિયર છે. તે એક સિસ્ટમ ઈન્ટિગ્રેટર અને પી.સી.બી. ડિઝાઈનર છે. પહેલા તેઓ ટ્વિટર સાથે કામ કરતા હતા. તેણીએ બિરલા ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી એન્ડ સાયન્સ (બીટ્સ), પિલાનીમાંથી ઈલેક્ટ્રિકલ અને ઈલેક્ટ્રોનિક્સમાં સ્નાતક અને ભૌતિકશાસ્ત્રમાં અનુસ્નાતકની પદવી હાંસલ કરી છે અને યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા, લોસ એન્જલસ (યુ.સી.એલ.એ.)માંથી ઈલેક્ટ્રિકલ એન્જિનિયરીંગમાં અનુસ્નાતકની પદવી પ્રાપ્ત કરી છે.*

સ્રોત: https://feminisminindia.com/2017/05/16/top-women-engineers-india/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.